||હરિ ૐ||

# || અનિરુધ્ધોપાસના ||

વક્રતુંડ મહાકાય કોટિસૂર્યસમપ્રભ ।
નિર્વિઘ્નં કુરુ મે દેવ સર્વકાર્યેષુ સર્વદા ॥

અનસૂયોઽત્રિસમ્ભૂતો દત્તાત્રેયો દિગમ્બરઃ ।
સ્મર્તૃગામી સ્વભક્તાનાં ઉદ્ધર્તા ભવસંકટાત ॥

## || અથ શ્રીઆદિમાતા શુભંકરા સ્તવનમ્ ||

આદિમાતે વેદમાતે ભક્તાનુગ્રહકારિણી ।
સર્વત્રવ્યાપિકેઽનન્તે શ્રીગાયત્રી નમોઽસ્તુ તે ॥
તાલુસ્થા ત્વં સદાધારા બિન્દુસ્થા બિન્દુમાલિની ।
પરાત્પરે વાત્સલ્યશક્તિઃ અનસૂયે નમોઽસ્તુ તે ॥
કુકર્મ-કુસંગ-કુબુદ્ધિ-કુદ્રષ્ટિ વિનાશિની ।
ચામુંડે ચંડમુંડમંથને મહિષાસુરમર્દિની નમોઽસ્તુ તે ॥
પ્રાતર્બાલા ચ મધ્યાહ્ને યૌવનસ્થા ભવેત્ પુનઃ ।
વૃદ્ધા સાયં ભગવતિ મહાદેવ્યૈ નમો નમઃ ॥
યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥

## શ્રીઅનિરુધ્ધ ધ્યાન મંત્ર

પદ્માસીનં શ્યામવર્ણં સહસ્ત્રશીર્ષં શુભાંગમ્ ।
સહસ્ત્રાક્ષં સર્વરૂપં મનઃસામર્થ્યદાયકમ્ ।
પાપતાપહરં શાન્તં અભયમુદ્રાધારિણમ્ ।
ભક્તપ્રિયં સૌમ્યરૂપં અનિરુધ્ધં નમામ્યહમ્ ।

## શ્રીઅનિરુધ્ધ શ્લોકી

હરિરૂપ અનિરુધ્ધે પૃથ્વીતત્વ ધારણ કર્યું
હરતત્વ અનિરુધ્ધે માયાધારી બન્યું
ભય દુઃખ અનિરુધ્ધે સજ્જનોનાં નાશયાં
બોલ બોલ વાચે શ્રીઅનિરુધ્ધઆવ્યાં

અત્યંત પ્રીતિ નામે ભજન શુદ્ધ ભાવે
કરીએ સદા રંગાઇને સ્વ-ભાવે
અનિરુધ્ધસ્તવનમાં મન રંગીએ રે
પાપ તાપ બાળે અનલ સહજ ભાવે

સકળ દુષ્ટ બીજો નાશ પામે મનનાં
અખિલ મંગલ બીજો ખીલે રે સહસ્ત્રનાં
અનિરુધ્ધનાદ ઉઠે જેવો અંતરનો
સુખાનંદ કંદ થાય તેવો જીવનનો

વિશ્વે નાચે સૈન્ય તે દાનવોનાં
શીરે પહેરી મહોરા સજ્જનોનાં
તમારા પદે અર્પીએ શુદ્ધ ભાવ
ખલમર્દનનો જાણીને તવ ભાવ

તવ કૃપા કોઈનેય દૂર કદી કરે ના
જાણી અસંખ્ય પાપો ક્રોધ કદી ધરે ના
પદકમળ વંદવા પધારી સર્વ સૃષ્ટિ
અનિરુધ્ધ નિહાળતા તૃપ્ત થઈ સર્વદ્રષ્ટિ

## શ્રીઅનિરુધ્ધ મહિમા

અનિરુધ્ધે જેની બુદ્ધિ સ્થિર । તેને કેવા તાપ દુસ્તર ॥
દર્શને સહજ હરે ફિકર । ભોગ પ્રખર પામે નાશ ॥
વ્યાપકત્વ એવું અનંત । ક્યાંય હોય ભલે એકાંત ॥
અથવા હોય લોકાંત । જાણે છે વર્મ સર્વનો ॥
કેવળ એક દ્રષ્ટિપાત । ક્ષણમાં થાય પાપનાશ ॥
ટળે જન્મોનાં દુરિત । બાળે કુકર્મનાં પૂંજ ॥
એકે શબ્દ ન ઉચ્ચારતા । આશિષસ્પર્શ ન કરતા ॥
આપે અર્થ પૂર્ણચરિતને । કૃપાસરિતા તેમની ॥
કરવા મનુજોદ્ધાર । પધાર્યા આ ધરતી પર ॥
સગુણરૂપ પૂર્ણાવતાર । ભક્તાધાર સર્વસ્વે ॥
ક્રમે ચોર્યાસી લાખ યોની । થાય માનવ સર્વ ફરી ॥
સમર્પિત અનિરુધ્ધ ચરણે । કૃતાર્થ જીવન પામે ॥
નિત્ય કહે છે તે સાંભળો । સંસારમાં સદૈવ ધર્મ આચરવો ॥
પ્રેમે જન્મને સાર્થક કરવો । સાવધ રહેવું નામસ્મણે ॥
આનંદનો આ મહાસાગર । પ્રેમ કૃપા અપરંપાર ॥
કરે છે રક્ષણ નિરંતર । કૈવલ્ય અપાર વરસાવે ॥
ન હોય પૂર્વ પુણ્ય જરાયે । છતાંયે જે આ ચરણોને વરે ॥
અનિરુધ્ધઅનિરુધ્ધસદા વદે । સહજ માર્ગ પામશે ॥
ન હોય શ્રદ્ધા ન હોય ભક્તિ । અજ્ઞાનની ગુણી ઉંચકી ॥
આકસ્મિક જો આ ચરણ જુએ । તેને પણ રક્ષે સંકટે ॥
કરો શ્રમ પાડો પ્રસ્વેદ । લો સદા હરિગુરુનામ ॥
આ જ છે શ્રેષ્ઠ નિયમ । પોકારે દીલથી ॥
પ્રત્યેકને જરૂરી મનસમર્થ । થયા સર્વ પ્રયત્ન વ્યર્થ ॥

અનિરુધ્ધ વચન તદર્થ । સ્મરવું સદૈવ મનમાં ॥
તુ અને હું મળી । અશક્ય એવું કંઇ જ નથી ॥
આપે મુક્તકંઠે ગવાહી । રાજાધિરાજ અનિરુધ્ધ ॥
સર્વ શક્તિનું મૂળ માનસી । તેની સમર્થતા કદી ના મળતી ॥
સ્મર અનિરુધ્ધનાં મહાવાક્યને । સામર્થ્યદાતા આ જ છે ॥
આજ્ઞાપાલન સેવા નિયમન । નામસંકીર્તન અધિધ્યાસન ॥
આ જ જાણો તપસાધન । સુગમ સંપન્ન સહજ ॥
શ્રદ્ધા રાખવી પૂર્ણ । મન કરવુ નિર્મળ ॥
સેવા કરવી સકળ । સંસાર પરિપૂર્ણ થશે ॥
વગર ત્યાગે પત્ની સંસાર । છોડ્યા વગર ઘરબાર ॥
પામીએ તોયે પરમાર્થ । અનિરુધ્ધ નામે ॥
અર્થ અનર્થ હું ના જાણુ । યોગ્ય અયોગ્ય ના ઓળખું ॥
ચરણ તમારા હું ધરુ । સંભાળી લેજો હવે ॥
ન ગમે મુજને ગ્રંથજ્ઞાન । ન ખપે મુજને માનસન્માન ॥
દશેન્દ્રિય ને અગિયારમું મન । કરુ છું અર્પણ તવચરણે ॥
જે જે મારા માટે ઉચિત । તે જ તુ આપશે નિશ્ચિત ॥
જાણુ હું આ નક્કી માત્ર । નથી તકરાર રાધવા ॥
હે દેવા સદગુરુરાયા । આનંદઘના નિરામયા ॥
સગુણબ્રહ્મ ભક્તસખા । પાહિમામ પાહિમામ ॥

ૐ અનિરુધ્ધાય શ્રીસપ્તચક્રનિવાસિનીપુત્રાય દત્તપૌત્રાય નમઃ (5 વખત )

## સદગુરુ તારકમંત્ર (5 વખત )

ૐ મનઃ સામર્થ્યદાતા શ્રીઅનિરુધ્ધાય નમઃ

## ॥ શ્રીગુરુક્ષેત્રમ્ મંત્ર ॥ ( 1 વખત)

॥ ૐ શ્રીદત્તગુરવે નમઃ ॥

### શ્રીગુરુક્ષેત્ર-બીજમન્ત્ર

ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે-સર્વબાધાપ્રશમનં-શ્રીગુરુક્ષેત્રમ્ ।
ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે-સર્વપાપપ્રશમનં-શ્રીગુરુક્ષેત્રમ્ ।
ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે-સર્વકોપપ્રશમનં-શ્રીગુરુક્ષેત્રમ્ ।
ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે-ત્રિવિક્રમનિલયં-શ્રીગુરુક્ષેત્રમ્ ।
ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચે-સર્વસમર્થ સર્વાર્થસમર્થ-શ્રીગુરુક્ષેત્રમ્ ।

## શ્રીગુરુક્ષેત્ર-અંકુરમન્ત્ર

ૐ રામાત્મા-શ્રીદત્તાત્રેયાય નમઃ ।
ૐ રામપ્રાણ-શ્રીહનુમન્તાય નમઃ ।
ૐ રામવરદાયિની-શ્રીમહિષાસુરમર્દિન્યૈ નમઃ ।
ૐ રામનામતનુ-શ્રીઅનિરુધ્ધાય નમઃ ।

## શ્રીગુરુક્ષેત્ર-ઉન્મીલન મન્ત્ર (કલિકાપુષ્પફલમન્ત્ર)

ૐ માનવજીવાત્મા-ઉદ્ધારક-શ્રીરામચન્દ્રાય નમઃ ।
ૐ માનવપ્રાણરક્ષક-શ્રીહનુમન્તાય નમઃ ।
ૐ માનવવરદાયિની-શ્રીઆહ્લાદિન્યૈ નમઃ ।
ૐ માનવમનઃસામર્થ્યદાતા-શ્રીઅનિરુધ્ધાય નમઃ ।

## ત્રિવિક્રમનાં 18 વચનો

દત્તગુરુ કૃપે હું સર્વસમર્થ તત્પર । શ્રદ્ધાવાનને આપીશ સદૈવ આધાર ॥1॥
હું તમને સહાયતા કરીશ નિશ્ચિત । માત્ર મારા માર્ગો ત્રિ-નાથોને જ જ્ઞાત ॥2॥
ન ધરશો જરાપણ સંશય આ બાબત । થવા ન દઈશ હું તમારો ઘાત ॥3॥
પ્રેમળ ભક્તના જીવનમાં । નથી બેસતો હું પાપો શોધવા ॥4॥
થતાં મારો એક દ્રષ્ટિપાત । ભક્ત થઈ જશે પાપમુક્ત ॥5॥
મારા પર જેને પૂર્ણ વિશ્વાસ । તેની ભૂલો હું સુધારીશ ખાસ ॥6॥
તથા મારા ભક્તને જે આપે ત્રાસ । સજા તેને નક્કી આપીશ હું ખાસ ॥7॥
મારા ભક્તનું હોય કંઈપણ પ્રારબ્ધ ।
બદલી દઈશ, તોડી દઈશ કે બાંધી દઈશ પાળ ॥8॥
આવવા ન દેતા જગદંબાના નિયમને બાધ ।
દુઃખમાંથી કાઢી બહાર, માર્ગ બતાવીશ અગાધ ॥9॥
સદૈવ હું તમારો ઉગતો દેવ । નહિ આથમું, સૌમ્ય કરીશ દૈવ ॥10॥
પૂર્ણ શ્રદ્ધાથી માનો મન્નત, કરો ભક્તિ, વહાવો પ્રસ્વેદ ।
કૃપા કરીશ તમારી શ્રદ્ધાનુસાર, હું સર્વકાળ સુખધામ ॥11॥
સર્વ માર્ગોમાં મને છે ભક્તિ પ્રિય ।
જન્મ-જીવન-મૃત્યુ તમારું, કંઈપણ વ્યર્થ ન જાય ॥12॥
શરણાગત થઈ કરે જે ગજર । તેમનાં જીવનમાં સુખ અપરંપાર ॥13॥
કરતાં મારી ભક્તિ કોણ તમને રોકશે ?
જો કામક્રોધે પણ હશો ભરાયા, મારું નામ તારશે ભક્તને મારા ॥14॥
પ્રેમે જે લેશે મારું નામ, તેની સર્વ કામના પૂરી હું કરીશ ।
સંપન્ન કરીશ તેનું ધામ, શાંતી સંતોષ આપીશ ॥15॥
મારા ચરણોના નિઃશંક ધ્યાને । સહસ્ત્રકોટિ સંકટો ભાગી જાય ભયે ॥16॥
સાચો ભક્ત રહે છે બે ચરણોમાં મારાં । ત્રિજું પગલું મારું કચડી નાખશે સંકટો તમારાં ॥17॥
જયાં જયાં ભક્તિ પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમ । ત્યાં ત્યાં હું કર્તા ત્રિવિક્રમ ॥18॥

# સ્વસ્તિક્ષેમ્ સંવાદ
(5 મિનીટની સીડી)

## શ્રીઅનિરુધ્ધ આરતી

આરતી અનિરુધ્ધા પ્રભુ પૂર્ણબ્રહ્મ શુદ્ધા
પ્રભુ પૂર્ણબ્રહ્મ શુદ્ધા
કૃપા નજર સુખદાયી, કૃપા નજર સુખદાયી,
હે પૂર્ણાનંદા, ૐ જય જય અનિરુદ્ધા.....
દૂર કરી અજ્ઞાન પ્રભુ તુ પ્રગટાવે છે જ્ઞાન,
પ્રભુ તુ પ્રગટાવે છે જ્ઞાન,
પાપ શુદ્ધિનો માર્ગ બતાવી, પાપ શુદ્ધિનો માર્ગ બતાવી,
નષ્ટ કરે છે ભોગ.....ૐ જય જય.....(1)
ભક્તિરસનો સર્જનહાર તુ, પ્રગટ થયો છે રામ,
પ્રભુ પ્રગટ થયો છે રામ.
સદ્ધર્મના બાણ છોડીને, સદ્ધર્મના બાણ છોડીને
મારે તુ કલિકાળ......ૐ જય જય.....(2)
સ્વયં પ્રકાશી સ્વયં તેજ તુ ઘનશ્યામ કૃષ્ણ,
પ્રભુ ઘનશ્યામ કૃષ્ણ, અસંખ્ય ક્રીડા લીલા કરીને,
અસંખ્ય ક્રીડા લીલા કરીને,
પૂર્ણ કરે સતકામ, .....ૐ જય જય.....(3)
અફાટ શક્તિ પૂર્ણ પુરુષ તુ આપે પુરુષાર્થા,
પ્રભુ આપે પુરુષાર્થા, તવ ચરણોમાં ભાવ અર્પીને,
તવ ચરણોમાં ભાવ અર્પીને,
અમે થયા તારા.......ૐ જય જય.....(4)
આરતી અનિરુધ્ધા પ્રભુ પૂર્ણબ્રહ્મ શુદ્ધા
પ્રભુ પૂર્ણબ્રહ્મ શુદ્ધા
કૃપા નજર સુખદાયી, કૃપા નજર સુખદાયી,
હે પૂર્ણાનંદા, ૐ જય જય અનિરુધ્ધા..

હરિૐ... શ્રીરામ... અંબજ્ઞ... નાથસંવિધ...